'દીકરીઓને રસોઈ કરવી નથી ગમતી, નથી ગમતી તેની રોજની અવગણના, હાથમાં સ્વાદ, હૃદયમાં પ્રેમ હોવા છતાં, જ્યાં કદર નથી, ત્યાં રસ ક્યાંથી જન્મે ભોજનમાં?

આજ-કાલની છોકરીઓને રસોડું નથી ગમતું.. કારણ કે એવું નથી કે તેમને રસોઈ નથી આવડતી, પણ તેમણે રસોડામાં સ્ત્રીની કદર મરતી જોઈ છે, 'છોકરીઓને રસોડામાં જવું નથી ગમતું' એ હવે ફરિયાદ નથી રહી, આરોપ બની ગઈ છે. લગ્નની વાત આવે ત્યારે સમાજમાં, ટીવીની ચર્ચામાં અને ઘરની બેઠકમાં આ વાક્ય છોકરીઓ સામે હથિયાર બનીને ફેંકવામાં આવે છે. જાણે કે રસોડું ન ગમવું એ ગુન્હો હોય, જાણે કે રસોડામાં ન ઊભી રહે તે દીકરી અયોગ્ય હોય. પણ કોઈ તેને પૂછતું નથી કે, તમને રસોડું ન ગમવાનું કારણ શું છે? સાચું કહીએ તો, આજની છોકરીઓ રસોડાથી ભાગતી નથી તેઓ એ દૃશ્યથી ભાગે છે જે તેમણે નાનપણથી જોયું છે.

આજ-કાલની છોકરીઓએ નાનપણથી પોતાની મમ્મીને રસોડામાં જોઈ છે, પણ તેમણે મમ્મીને આદર પામતી નથી જોઈ. તેમણે જોયું છે કે મમ્મી વહેલી ઉઠે, બધા માટે ચા-નાસ્તો બનાવે, બાળકોને તૈયાર કરે, પતિને ઓફિસ મોકલે, પણ તેણે નાસ્તો કર્યો, તૈયાર થઈ? આ પ્રશ્ન ક્યારેય કોઈએ પૂછ્યો નથી. તેમણે જોયું છે કે રસોઈ સરસ બને તો શાંતિ અને થોડી આઘીપાછી બને તો ટીકા... ખાંડ-મીઠું ઓછું પડ્યું હોય તો તરત કહે, પણ ક્યારેય સારી રસોઈના વખાણ નહી, રસોઈ બનાવે, બધાના ટેસ્ટનો ખ્યાલ રાખે તો પણ 'આભાર' નહી...

આ બધું જોઈને દીકરીના મનમાં રસોડું પ્રેમનું નહી, અન્યાયનું પ્રતીક બની જાય છે. સમાજ રસોડાને 'સ્ત્રીનું ગૌરવ' કહે છે. સ્ત્રીને 'રસોડાની રાણી' કહે છે. પણ દીકરીઓએ જોયું છે કે એ ગૌરવ નહી, ગુલામી છે. રસોડામાં ઊભી રહેલી મમ્મી... પોતાની ઈચ્છા ભૂલી ગઈ છે. પોતાની ઓળખ ગુમાવી બેઠી છે, આખો દિવસ કામ કરીને પણ બેસી જ રહે છે એવી વાત પણ સહન કરે છે. આ જોઈને દીકરી વિચાર કરે છે કે જો આ જ કરવાનું છે કે મારે એ નથી કરવું... આ બળવો નથી, બચાવ છે.

દીકરીઓ રસોડું નથી નકારતી, એકતરફ જવાબદારીને નકારે છે. દીકરીઓ કહે છે કે, હું રસોઈ કરીશ, ઘર સંભાળીશ, બધાને સાચવીશ... પણ મારી વાત કોઈ સાંભળશે? તે એવું નથી ઈચ્છતી કે દરેક કામ કરવાનું, અને ક્યારેય કદરના બે શબ્દ પણ ન મળે, કોઈ પ્રશંસા પણ ન કરે... જ્યારે સમાજને દીકરીઓની આ વાત ખટકે છે, કારણ કે આ પ્રશ્નો સત્તાને હલાવે છે.

એક સાચી પણ કડવી વાત એ છે કે જો રસોડું, રસોડાનું કામ, ઘરની જવાબદારી બધું જ એટલું પવિત્ર અને ગૌરવસભર હોત તો પુરૂષો ત્યાંથી ભાગ્યા જ ન હોત, જો ઘરનું કામ એટલું જ સરળ હોત તો તને આખો દિવસ શું કામ હોય છે? એ પ્રશ્ન જન્મ્યો જ ન હોત... સમાજે રસોડાને સ્ત્રીના ખભા પર મૂકી દીધું અને પછી કહ્યું, આ તારો ધર્મ છે. આ ધર્મમાં કદર નથી, સહભાગીતા નથી, માત્ર ફરજ જ છે. દીકરીઓએ મમ્મીનું મૌન જોયું છે, મમ્મીને ફરિયાદ નથી કરી, મમ્મી ચૂપ રહી, મમ્મીએ સહન કર્યું અને એટલે જ દીકરીઓ બહુ બોલે છે, દીકરીઓ પ્રશ્ન કરે છે, તે સહન કરવા નથી માંગતી.

દીકરીઓને રસોડું ન ગમવાનું મૂળ કારણ એ છે કે તેમણે મમ્મીને ખુશ નહી, માત્ર ફરજ બજાવતી જોઈ છે. સમાજ દીકરીઓને દોષ આપે છે, પણ જવાબદારી સ્વીકારતા નથી. કહેવું સરળ છે કે આજ-કાલની છોકરીઓને સંસ્કાર નથી... પણ કોઈ એમ પણ કહે કે આજ-કાલ ઘરમાં આભાર નથી... કોઈ પૂછે છે કે રસોઈ બનાવવા કેટલી મહેનત કરે છે? તું થાકી નથી ને? તને ગરમી નથી લાગતી? કોઈ પૂછતું જ નથી. દીકરીઓએ જે જોયું છે, એ જ શીખ્યું છે, તેમણે શબ્દો નથી શીખ્યા, દૃશ્યો જોયા છે અને એમાંથી શીખ્યા છે.

જો આપણે ઈચ્છીએ કે દીકરીઓ રસોડાને સ્વીકારે, તો પહેલાં આપણે રસોડાને માનવીય બનાવવું પડશે, રસોડાની જવાબદારી માત્ર સ્ત્રીની ન હોય, પણ તેમાં ઘરના સભ્યો, સાસુ, પતિ પણ ક્યાંક સાથ આપે એવું વાતાવરણ કરવું જોઈશે. દીકરીઓ રસોઈ કરે એ તેની ફરજ કે જવાબદારીનો ભાગ સમજવાને બદલે તેનો ઘર પ્રત્યેનો લાગણી-પ્રેમ સમજે તો જ રસોડામાં તેને થાક નહી લાગે અને ત્યાં જવાનું પસંદ કરશે... રસોડું જો એકનું જ કામ કરે છે એમ સમજાય તો તે અન્યાય છે, પણ રસોડું સૌનું છે એમ સમજાય તો એ સંસ્કાર છે અને આજ-કાલની દીકરીઓ સમાનતા-કદર જ માંગે છે. એક કડવી પણ જરૂરી વાત... આજની છોકરીઓને રસોડું નથી ગમતું. કારણ કે, તેમને ત્યાં સ્ત્રીની ખુશી નહી, ફરજ જ દેખાય છે. જો આવતી પેઢીને રસોડું ગમાડવું હોય તો આજે જ રસોડાના કામને માન આપો, નહીતર દીકરીઓ નહી બદલાય અને સમાજમાં રસોડાની કલા ભુલાતી જશે... સ્વીગી, ઝોમેટોનું જોર વધતું જશે... કારણ કે જ્યાં સ્ત્રીની કદર નથી, એ ઘર, એ સ્થળ દીકરીઓને ક્યારેય નથી ગમતું.

- દિપા સોની, જામનગર.

જૂના આરોપોનો નવો એઆઇ વિડીયો નવા એકાઉન્ટથી વહેતો થતા ખળભળાટ

જામનગરનાં સોશ્યલ મીડિયામાં અપપ્રચારનો નવો પ્રણેતા 'જાગૃત નાગરિક'

જામનગર તા. ૩૧: જામનગરમાં તાજેતરમાં સોશ્યલ મીડિયામાં લેન્ડ ડેવલોપર તથા ધારાસભ્ય સહિતનાં લોકો વિરુદ્ધ આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરી અપપ્રચાર કરવાનું ષડયંત્ર પ્રકાશમાં આવતા આ અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ગુન્હો નોંધાયો હતો. જે પછી એકાઉન્ટ સંબંધિત સોશ્યલ મીડિયા સાઈટ પરથી હટી ગયુ છે પરંતુ એ જ પ્રકારનાં આરોપવાળો એઆઈ નિર્મિત વિડીયો 'જાગૃત નાગરિક' નામનાં આઈડી પરથી વહેતો થતા ખળભળાટ થયો છે.

છેલ્લા થોડા સમયથી ઈન્સ્ટાગ્રામ પર વિશાલ કણસાગરા નામનાં આઈડી પરથી લેન્ડ ડેવલોપર જમનભાઈ ફળદુનાં અપપ્રચાર કરતા એઆઈ વિડીયો અપલોડ થતા હતા તેમજ આ જ આઈડી પરથી ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલની છબિ ખરડાઈ એ પ્રકારનાં પણ એઆઈ વિડીયો વહેતા થયા હતા જે પછી આ એકાઉન્ટ વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસમાં ગુન્હો દાખલ થયા પછી પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યા હતાં.

દરમ્યાન પોલીસ કાર્યવાહી પછી વિવાદિત પોસ્ટ અપલોડ કરનાર વિશાલ કણસાગરા નામનું એકાઉન્ટ હાલ ઉપલબ્ધ નથી પરંતુ 'જાગૃત નાગરિક' નામનાં એકાઉન્ટ પરથી જમનભાઈ ફળદુ વિરૂદ્ધ એ જ પ્રકારનાં જૂના આરોપવાળો નવો એઆઈ વિડીયો વહેતો થતા ફરી એક વખત સોશ્યલ મીડિયામાં દુષ્પ્રચારનો સિલસિલાનો આરંભ થયો છે એમ કહી શકાય.

આ 'જાગૃત નાગરિક' કોણ છે એ તપાસનો વિષય છે. હાલ ટેક્નોલોજીનાં યુગમાં ઘણાં ભેજાબાજ લોકોની ટેક્નિકલ કુશળતા સામે પોલીસનાં હાથ ટૂંકા પડતા હોય એવું ચિત્ર ઘણીવાર ઉપસે છે.

જામનગરમાં ટોક ઓફ ધ ટાઉન બનેલા સોશ્યલ મીડિયા વોરમાં હવે જાગૃત નાગરિક મેદાને પડતા ફરી એક વખત ડિજીટલ વર્લ્ડમાં આરોપોની આંધી ઉડી છે.

ખેતરે કે ઘરે ખૂલ્લામાં હોય કે માર્કેટીંગ યાર્ડમાં હોય...ઢાંકો અથવા ખસેડો...

હાલારમાં આજે અને આવતીકાલે માવઠાની આગાહી હોય, ખેત ઉત્પાદનો સુરક્ષિત રાખો

જામનગર તા. ૩૧: જામનગર અને દેવભૂમિ દ્વારકામાં આજથી બે દિવસ વરસાદની આગાહી ખેત ઉત્પાદનો સુરક્ષીત રાખવા સરકારે સૂચન કર્યુ છે.

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા. ૩૧-૧૨-૨૦૨૫ થી તા. ૧-૧-૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્યના જિલ્લાઓ જેવા કે કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં તકેદારીના પગલા લેવા રાજ્યના ખેડૂતોને સરકાર દ્વારા સંદેશ આપવામાં આવ્યો છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકસાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખૂલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળોએ ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/તાડપત્રીની યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો, ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહીં તે મુજબ સુરક્ષીત રાખવા.

એપીએમસીમાં વેપારી અને ખેડૂતોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવેલ છે. એપીએમસીમાં અનાજ અને ખેત પેદાશોને ઢાંકીને અથવા શેડ નીચે સુરક્ષીત રાખવા એપીએમસીમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષીત રાખવી.

મારવા માટે બેટ ઉગામતા માથું દીવાલમાં ભટકાયું:

ઘર પાસે રમતા બાળકને રોવડાવ્યા પછી પાડોશી પિતા-પુત્રએ ઢીકાપાટુથી કર્યો હલ્લો

જામનગર તા. ૩૧: જામનગરના ઢીંચડા રોડ પર સિલ્વર પાર્કમાં એક બાળકને પાડોશી શખ્સે રોવડાવી દેતા તેના પિતા કારણ પૂછવા ગયા હતા. કારણ કહેવાને બદલે આ શખ્સ તથા તેના પુત્રએ ગાળો ભાંડી હુમલો કર્યો હતો અને બેટ ઉગામ્યું હતું.

જામનગરના ઢીંચડા રોડ પર આવેલા તિરૂપતિ પાર્ક પાછળની સિલ્વર પાર્ક સોસાયટીમાં રહેતા અકબરભાઈ જુમાભાઈ ખીરા નામના યુવાનનો પુત્ર સોમવારે સાંજે પોતાના ઘરની બાજુમાં આવેલા ન્યાઝ નુરૂલ્લાખાનનાં ઘર પાસે રમતો હતો.

આ વેળાએ ન્યાઝે કોઈ કારણથી અકબરભાઈના પુત્રને રોવડાવી દેતા અકબરભાઈએ તેને કહેતા ઉશ્કેરાયેલા ન્યાઝ તથા તેના પુત્રએ ગાળો ભાંડી હતી અને ઢીકાપાટુની હુમલો કર્યો હતો. તે ઉપરાંત આ પિતા-પુત્રએ મારવા માટે બેટ ઉગામતા તેનો ઘા બચાવવા જવાના પ્રયાસમાં અકબરભાઈનું માથું દીવાલમાં ભટકાઈ ગયું હતું. આ બાબતની સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

ખોવાયેલો મોબાઈલ પરત કરાવતી નેત્રમ ટીમ

જામનગર તા. ૩૦: જામનગરના દરબારગઢ વિસ્તારમાં આવેલા એક આસામીનો રૂ.૨૬ હજારની કિંમતનો મોબાઈલ ક્યાંક પડી ગયો હતો. આ મોબાઈલ પોલીસની કમાન્ડ કંટ્રોલ ટીમે શોધી આપ્યો છે.

જામવથંલીમાં વેપારી પર કડાથી હલ્લો:

પાડોશીની મોટર પર પાલતું શ્વાન ચઢતા બોલી બઘડાટી: મહિલાએ કરી ફરિયાદ

જામનગર તા. ૩૧: જામનગરના કિસાનચોકમાં એક મહિલાનો પાલતુ શ્વાન પાડોશીની મોટર પર ચઢતા ઝઘડો થયો હતો. પાડોશી ઠંપતી તથા એક અન્ય શખ્સે આ મહિલાને ગાળો ભાંડી હતી અને પતાવી દેવાની ધમકી આપી હતી. જ્યારે જામવંથલીમાં ગુજરીબજારમાં કપડાનો વેપાર કરતા એક વેપારીને એક શખ્સે ગાળો ભાંડી કડાથી હુમલો કર્યો હતો.

જામનગરના કિસાનચોક વિસ્તારમાં વસવાટ કરતા રશ્મીબેન રસીકભાઈ કનખરા નામના મહિલાનો પાલતુ શ્વાન ગઈકાલે સાંજે બાજુમાં જ રહેતા રવિ ભાનુશાળી ઉર્ફે મુકા ડોનની મોટર પર ચઢતા ઝઘડો થયો હતો.

ત્યારપછી રવિ તેમજ કાના નંદા અને રવિના પત્નીએ ગાળો ભાંડી હતી અને રવિએ ધોકો કાઢયો હતો. જ્યારે તેની પત્ની તથા કાનાએ ઝપાઝપી કરી હતી અને કાનાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

કાલાવડ શહેરના અમીપીર પાર્કમાં રહેતા ઈમરાન ગફારભાઈ ઓડીયા ગઈકાલે બપોરે જામવંથલી ગામમાં ભરાયેલી ગુજરીબજારમાં ગરમ કપડા રાખીને તેનો વેપાર કરતા હતા ત્યારે ત્યાં આવેલા જામવંથલી રાજુ કેશુ દેવીપુજકે ગાળો ભાંડી હતી તેને ગાળ બોલવાની ના પાડતા ઈમરાન પર હાથમાં પહેરવાના કડાથી હુમલો કરી કપાળમાં ઈજા પહોંચાડાઈ હતી અને ઢીકાપાટુથી માર મારવામાં આવ્યો હતો.

સવા મહિના પહેલાં ચોરી થયાની કરાઈ ફરિયાદ:

જુમ્મા મસ્જિદની ઓફિસનું તાળું તોડી ઘૂસેલા તસ્કરે ઉઠાવ્યા રૂ.પોણો લાખ

જામનગર તા. ૩૧: જામનગરના બર્ધનચોક પાસે આવેલી જુમ્મા મસ્જીદની ઓફિસમાં દોઢ મહિના પહેલાં ઘૂસી ગયેલા કોઈ તસ્કરે અંદર રહેલા કબાટનું તાળુ તોડી નાખી તેમાંથી રૂ.૭૫ હજાર રોકડા ઉઠાવી લીધા છે. પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

જામનગરના બર્ધનચોક વિસ્તારમાં આવેલી જુમ્મા મસ્જીદમાં ગયા મહિનાની સત્તર તારીખની રાત્રિથી અઢાર તારીખની સવાર સુધીમાં ઓફિસમાંની ચોરી થઈ છે.

આ ઓફિસમાં તા.૧૭ નવેમ્બરની રાત્રે પોણા દસ વાગ્યાથી બીજા દિવસની સવારના છ વાગ્યા સુધીમાં કોઈ શખ્સે ઓફિસના દરવાજાનો લોક તોડી અંદર પ્રવેશ કર્યા પછી ઓફિસમાં રહેલા કબાટનું તાળુ તોડી નાખ્યું હતું અને તેમાંથી રૂ.૭૫ હજાર રોકડા ઉઠાવી લીધા હતા. ઉપરોક્ત ચોરીની લીંડીબજાર પાસે મલીયાર શેરીમાં રહેતા અબ્દુલરશીદ મહંમદહનીફ લુસવાલાએ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્યાં મુકવામાં આવેલા કેટલાક સીસીટીવીના ફૂટેજ પણ ચકાસવાનું શરૂ કર્યું છે.

બે કેમેરામાં નુકસાન પણ સર્જાયું: તપાસનો ધમધમાટ:

પડાણામાં ગ્રામ પંચાયત કચેરીના ૩૯માંથી ૧૭ સીસીટીવી કેમેરાની થઈ ચોરી: ચકચાર

જામનગર તા. ૩૧: લાલપુર તાલુકાના પડાણા ગામમાં ગ્રામ પંચાયત કચેરીએ સ્વભંડોળમાંથી ગામમાં લગાડેલા ૩૯માંથી ૧૭ સીસીટીવી કેમેરાની છેલ્લા પખવાડીયામાં ચોરી થઈ ગઈ છે. જ્યારે બે કેમેરાને નુકસાન પણ કરવામાં આવ્યું છે. તલાટી-કમ-મંત્રીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા લાલપુર તાલુકાના પડાણા ગામમાં પડાણા ગ્રામ પંચાયત દ્વારા સ્વભંડોળમાંથી એકત્ર થયેલી રકમમાંથી જુદા જુદા સ્થળે ૩૯ સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા હતા. તે કેમેરાના માધ્યમથી જુદી જુદી પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી હતી.

તે દરમિયાન ગઈ તા.૧૫ની રાત્રિ પછી તા.૧૯ની રાત્રિ સુધીમાં અને ત્યારપછી ગયા રવિવારની રાત્રિ પછીના સમયમાં તે કેમેરાઓમાંથી ૧૭ કેમેરાની કોઈ શખ્સે ઉઠાંતરી કરી લીધી છે. રૂ.૩૭૪૦૦ના ઉપરોક્ત કેમેરા અને તેની સાથે જોડાયેલા વાયરો સહિતના સાધનો મળી કુલ રૂ.૩૬૧૭૦ની મત્તા ચોરાઈ ગઈ છે અને આ શખ્સે પડાણા ગામના અન્ય બે કેમેરામાં પણ નુકસાન કરી જાહેર મિલકતને નુકસાન પહોચાડ્યું છે.

આ બાબતની જામનગરમાં રહેતા અને પડાણા ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી કમ મંત્રીની ફરજ બજાવતા પી.બી. પટેલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મેઘપર પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી છે.

વર્ષ-૨૦૩૦ સુધીમાં જર્મનીને પાછળ છોડવાની આશા: જીડીપી વૃદ્ધિનો વૈશ્વિક અંદાજ

ભારત બન્યું વિશ્વની સૌથી મોટી ચોથી અર્થવ્યવસ્થા: કેન્દ્ર

નવી દિલ્હી તા. ૩૧: ભારત હવે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની હોવાનો દાવો કરવા કેન્દ્ર સરકારે કહ્યું છે કે, જાપાનને પાછળ છોડયું છે અને ૨૦૩૦ સુધીમાં જર્મનીથી પણ આગળ નીકળીશું.

ઈન્ડિયન ઈકોનોમીનું કદ ૪.૧૮ ટ્રિલિયન ડોલર થયુ, જે વર્ષ-૨૦૩૦ સુધીમાં ૭.૩ ટ્રિલિયન ડોલર થવાનો અંદાજ

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે જાપાનને પાછળ છોડીને ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. ભારતની અર્થવ્યવસ્થાનું કદ ૪.૧૮ ટ્રિલિયન ડોલર (લગભગ ૩૭૪.૫ લાખ કરોડ) આંકવામાં આવ્યું છે.

કેન્દ્રનો અંદાજ છે કે જો વર્તમાન ગતિ જાળવી રાખવામાં આવે તો ૨૦૩૦ સુધીમાં ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) ૭.૩ ટ્રિલિયન ડોલર (લગભગ ૬૪૯.૭૦ લાખ કરોડ) સુધી પહોંચી શકે છે.

જો આવું થશે તો ભારત જર્મનીને પણ પાછળ છોડી દેશે. હાલમાં અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ચીન બીજા અને જર્મની ત્રીજા નંબરે છે.

સરકારના નિવેદન મુજબ, ભારત હાલમાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા ક્વાર્ટરમાં ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિદર ૮.૨% રહ્યો. આ પહેલાં પ્રથમ ક્વાર્ટરમાં તે ૭.૮% અને પાછલા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં ૭.૪% હતો.

કેન્દ્રના જણાવ્યા મુજબ વૈશ્વિક વેપાર સંબંધિત અનિશ્ચિતતાઓ છતાં ૨૦૨૫-૨૬ના બીજા ક્વાર્ટરમાં ભારતનો જીડીપી છ ક્વાર્ટરના ઉચ્ચ સ્તરે પહોચ્યો. આ વૃદ્ધિમાં ઘરેલુ માગ, ખાસ કરીને ખાનગી વપરાશની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી.

સરકારે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ પણ ભારતના વિકાસદર અંગે સકારાત્મક અંદાજો લગાવ્યા છે. વિશ્વ બેંકે ૨૦૨૬ માટે ૬.૫% વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે. મૂડીઝ અનુસાર ભારત ૨૦૨૬માં ૬.૪% અને ૨૦૨૭માં ૬.૫% વૃદ્ધિ સાથે ટ-૨૦ દેશોમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ૨૦૨૫ માટે વૃદ્ધિનો અંદાજ ૬.૬% અને ૨૦૨૬ માટે ૬.૨% કર્યો છે. ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (ઓસીડી)એ ૨૦૨૫માં ૬.૭% અને ૨૦૨૬માં ૬.૨% વૃદ્ધિનો અંદાજ આપ્યો છે.

એસએન્ડપી અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં વૃદ્ધિદર ૬.૫% અને આગામી નાણાકીય વર્ષમાં ૬.૭% રહી શકે છે. એશિયન ડેવલપમેન્ટ બેંકે ૨૦૨૫ માટે અંદાજ વધારીને ૭.૨% કર્યો છે, જ્યારે ફિચે મજબૂત ગ્રાહક માંગના આધારે ૨૦૨૬ માટે જીડીપી વૃદ્ધિ દર ૭.૪%નો અંદાજ મૂક્યો છે.

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે ભારત ૨૦૪૭ સુધીમાં ઉચ્ચ મધ્યમ-આવક ધરાવતો દેશ બનવાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે. આ માટે આર્થિક વૃદ્ધિ, માળખાકીય સુધારા અને સામાજિક પ્રગતિને આધાર બનાવવામાં આવી રહ્યાં છે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મોંઘવારી નિર્ધારિત નીચી સહનશીલ મર્યાદાની નીચે રહી છે.

બેરોજગારીમાં ઘટાડાનો ટ્રેન્ડ છે અને નિકાસ પ્રદર્શનમાં સુધારો ચાલુ છે. આ સાથે નાણાકીય સ્થિતિ અનુકૂળ રહી છે, વાણિજ્યિક ક્ષેત્રને લોનનો પ્રવાહ મજબૂત છે, જ્યારે માગની સ્થિતિ સ્થિર છે. શહેરી વપરાશ મજબૂત થવાની માગ જળવાઈ રહી છે.

અર્થતંત્રના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે જીડીપીનો ઉપયોગ થાય છે. એ દેશની અંદર એક નિશ્ચિત સમયમાં ઉત્પાદિત તમામ ચીજવસ્તુઓ અને સેવાઓના મૂલ્યને દર્શાવે છે. આમાં દેશની સીમાની અંદર રહીને જે વિદેશી કંપનીઓ ઉત્પાદન કરે છે તેમને પણ સામેલ કરવામાં આવે છે.

જીડીપી બે પ્રકારની હોય છે. રિયલ જીડીપી અને નોમિનલ જીડીપી રિયલ જીડીપીમાં ગુડ્સ અને સર્વિસની વેલ્યુનું કેલ્ક્યુલેશન બેઝ યરની વેલ્યુ અથવા સ્ટેબલ પ્રાઈસ પર કરવામાં આવે છે. હાલમાં જીડીપીને કેલ્ક્યુલેટ કરવા માટે બેઝ યર ૨૦૧૧-૧૨ છે. જ્યારે નોમિનલ જીડીપીનું કેલ્ક્યુલેશન કરંટ પ્રાઈસ પર કરવામાં આવે છે.

જીડીપીને કેલ્ક્યુલેટ કરવા માટે એક ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે છે. GDP= C+G+I+NX, અહીં Cનો અર્થ પ્રાઈવેટ કન્ઝમ્પશન, Gનો અર્થ ગવર્નમેન્ટ સ્પેન્ડિંગ, I નો અર્થ ઈન્વેસ્ટમેન્ટ અને NXનો અર્થ નેટ એક્સપોર્ટ છે.

જીડીપીને ઘટાડવા કે વધારવા માટે ચાર મહત્ત્વપૂર્ણ એન્જિન હોય છે. પહેલું છે, તમે અને અમે. તમે જેટલો ખર્ચ કરો છો તે આપણી ઈકોનોમીમાં યોગદાન આપે છે. બીજું છે, પ્રાઈવેટ સેક્ટરનો બિઝનેસ ગ્રોથ. આ જીડીપીમાં ૩૨% યોગદાન આપે છે. ત્રીજું છે, સરકારી ખર્ચ.

એનો અર્થ એ છે કે સરકાર ગુડ્સ અને સર્વિસીઝનું ઉત્પાદન કરવામાં કેટલો ખર્ચ કરી રહી છે. એનો જીડીપીમાં ૧૧% ફાળો છે અને ચોથું છે, નેટ ડિમાન્ડ. એના માટે ભારતના કુલ એક્સપોર્ટમાંથી કુલ ઈમ્પોર્ટને બાદ કરવામાં આવે છે, કારણ કે ભારતમાં એક્સપોર્ટની સરખામણીમાં ઈમ્પોર્ટ વધારે છે, એટલે એની અસર જીડીપી પર નકારાત્મક જ પડે છે.

શિક્ષણનું સ્તર સુધારવા માટે

ગુજરાતની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં આવતીકાલથી આચાર્યોની તાલીમનું આયોજન

જામનગર તા. ૩૧: ગુજરાત રાજ્યની ગ્રાન્ટેડ તથા સરકારી શાળાઓના શિક્ષણની ગુણવત્તા કથળતી જતી હોવાની ફરિયાદો પરથી આવતીકાલ તા. ૦૧ થી ૦૩ જાન્યુઆરી સુધી વર્ષના પ્રથમ દિવસથી જ રાજ્યની ૩૮૫૩૫ શાળાના આચાર્યની તાલીમનું આયોજન શિક્ષણ વિભાગ દ્વારા થયું છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાનું શિક્ષણસ્તર સુધરે તે માટે તજ્ઞોના માર્ગદર્શનમાં ત્રણ દિવસ તાલીમનું આયોજન થયું છે. આચાર્યોએ તેમનું નેતૃત્વ કઈ રીતે સંસ્થાને પૂરૂં પાડવું તથા દેશના ટોપ ૧૦ નંબરના શિક્ષણવાળા રાજ્યમાં ગુજરાતનો સમાવેશ થયો હોય શિક્ષણ વિભાગ દ્વારા ગુણોત્સવ ૨.૦ના હોમવર્કમાં પણ ફેરફાર કરવા નિર્ણય થયો છે. રાજ્યમાં ૧ થી ૩ જાન્યુઆરી ગ્રાન્ટેડ અને સરકારી પ્રાથમિક શાળાઓ ૩૨૮૪૪ના આચાર્યોને તાલીમ અપાશે તથા ૬ થી ૮ જાન્યુઆરી ૫૬૯૧ સરકારી તથા ગ્રાન્ટેડ શાળાના આચાર્યોને તાલીમ અપાશે.